હિંદની જનતાને ખાસ ઉપયોગી

મેલેરીઆ તાવ

(વિષમજ્વર)

પ્રકાર, લક્ષણો અને [illegible]

પ્રકાશક:

વૈદ્ય હીરાલાલ મગનલાલ જોશી

આયુર્વેદ ભિષક્,

આયુર્વેદ ફાર્મસી

૫૬, [illegible] પાસે,–અમદાવાદ.

કીંમત એક આનો

મેલેરીઆ તાવ
પ્રકારો લક્ષણો અને ચિકિત્સા

હાલના સમયમાં જ્યારે હિંદમાં લાખો માણસોનું મેલેરીઆ તાવથી મરણ થાય છે ત્યારે તે તાવથી બચવા દરેક માણસે પ્રયત્ન કરવો જોઇએ. અને તેના વિષેનું થોડું ઘણું જ્ઞાન પણ મેળવવું જોઇએ, કે જેથી પોતાને તેમજ બીજાને લાભદાયી થઇ શકાય.

વર્ષા ઋતુમાં કુદરત જ્યારે લીલોતરીથી ભરપુર હોય છે ત્યારે વરસાદની ભીનાશથી, તેમજ મકાનો, કુવાતલાવની આજુબાજુ ગંદકીથી હવા બગડે છે. આ ઋતુમાં માણસોમાં રહેલો જઠરાગ્ની પણ મંદ પડે છે. અને તાવ, અજીર્ણ, ઝાડા, મરડા, કોલેરા, ઉલટી વગેરે રોગો ઉત્પન્ન થાય છે. આથી દરેક માણસે આ ઋતુમાં શરીરને નીરોગી રાખવા માટે આહાર વિહાર તરફ ખાસ લક્ષ રાખવું જોઇએ. આથીજ પ્રાચીન ઋષીઓએ ચોમાસામાં એક વખત જમવું વગેરે વ્રતો દાખલ કરેલાં છે.

ચોમાસામાં શરીરમાં રહેલા વાત, પિત્ત, કફ આદિક ધાતુઓ પ્રકોપ પામે છે- તે સમયે ઋતુને અનુકુળ ખાનપાન રાખવાં જોઇએ.

વર્ષા ઋતુમાં વાયુનો અને શરદ્ ઋતુમાં પિત્તનો પ્રકોપ થાય છે. જેથી આ ઋતુમાં માંદગીનું પ્રમાણ વધુ માલમ પડે છે. આ ઋતુમાં રોગનો રાજા તાવ (જ્વર) નું પ્રાધાન્ય હોય છે. જેમ પશુઓમાં સિંહ રાજા છે તેમ સઘળા રોગોમાં "જ્વર" એ રાજા છે. તાવ મનુષ્ય તેમજ પ્રાણી માત્રને આવે છે.

ચોમાસાની ઋતુમાં મુખ્યત્વે કરીને આવતા મેલેરીઆતાવ (વિષમ જ્વર) સંબંધી આપણે વાત કરીશું. વિષમ જ્વરના પાંચ પ્રકાર છે. (૧) સંતત (૨) સતત (૩) અન્યેદ્યુક (૪) તૃતીયક. (૫) ચાતુર્થક. આયુર્વેદનો સિદ્ધાંત છે કે सर्वेषा मेव रोगाणां कारणं कुपिता मलाः સર્વ રોગનું કારણ શરીરમાં રહેલો કુપિત થએલો મલ (દોષ) છે. [આગંતુક જ્વરને લાગુ પડતું નથી.]

તાવ આવવાનું કારણ—

જ્યારે મનુષ્ય પોતે નિયમ છોડીને મરજીમુજબ આહારવિહાર કરે, અતિશય કસરત કે અતિશય મહેનત કરે, ચિંતા શોક, કે ભયથી, ક્રોધ કે ઔષધીના ગંધથી, ધાતુઓનો ક્ષય થવાથી, ઋતુઓના ફેરફારથી, કુવાકે ઝરણાંનાં બગડેલાં પાણી પીવાથી, સૂર્યના કિરણોનો સંપ્તતાપ વેઠવાથી, શરીરમાં રહેલા વાતાદિક દોષ ક્ષોભ પામીને જઠરમાંથી અગ્નિને બહાર કાઢી નાખે છે અને રક્ત તથા પિત્તને કોપાવે છે. તે અગ્નિ તથા રક્ત પિત્ત જે ત્વચામાં રહેલું છે તે એકત્ર થઈને તાવ ઉત્પન્ન કરે છે.

તાવનું પૂર્વરૂપ—

મહેનત કર્યા વગર થાક લાગવો, અણગમો થવો, શરીરકે

મોઢાનો રંગ બદલાઇ જવો, મોઢું સ્વાદ વગરનું ફીકકું થવું, આંખોમાં પાણી ભરાઇ આવવું, ટાઢે તડકા ઉપર પ્રીતી કે અણગમો થવો, આખું શરીર જડ થવું, રૂવાડાં ઉભાં થવાં, બગાસાં આવવાં, અન્ન પર અરૂચી થવી, ઘણી ટાઢ ચઢી આવવી, અંધારામાં પડવા જેવું લાગવું આ ચિન્હો, તાવ આવવાનો હોય ત્યારે પુર્વરૂપમાં થાય છે.

તાવનું લક્ષણ—

જે રોગોમાં પરસેવાનો અટકાવ, દેહ, ઇન્દ્રિઓ અને મનમાં સંતાપ, શરીરના બધા ભાગોમાં કળતર જેવી વેદના એ બધું એકી સાથે થાય છે તેને તાવ કહે છે.

મેલેરીઆ તાવના સામાન્ય લક્ષણો—

સઘળા **વિષમ જવરો** સન્નિપાતથી ઉત્પન્ન થાય છે. આ તાવમાં શરૂઆતમાં ટાઢ ચઢી આવે છે, માથાનો દુખાવો, બેચેની, ઉલટી, દાહ, ભ્રમ થાય છે. ટાઢ અડધા કલાકથી બે કલાક સુધી રહ્યા બાદ તાવ સખ્ત રૂપમાં ૧૦૩ થી ૧૦૫ ડીગ્રી સુધી આવે છે, અને તેથી પણ કેટલીકવાર વધે છે. તાવમાં આંખોમાં લાલાશ, ચામડીનો રંગ બદલાઇ જવો, જીભ ઉપર સફેદ છારી બાઝવી, પેસાબ બહુ કમી અને રતાશ પડતો થાય છે. ઝાડાની કબજીઆત રહે છે. ઉલટી એ આ તાવનું મુખ્ય લક્ષણ છે. તાવ પરસેવો વળીને ઉતરે છે, તાવમાં બરોળ વધે છે.

આ તાવો સન્નિપાતથી ઉત્પન્ન થતા હોવાથી આ તાવોની સારવાર તરફ બેદરકારી બતાવવી નહિં.

સંતત જ્વરનાં લક્ષણો–

વિષમ જ્વરના પાંચ પ્રકારમાંનો આ એક પ્રકાર છે. શરીરમાં, સાત ધાતુઓ છે. રસ, રક્ત, માંસ, મેદ, હાડકાં, મજ્જા, વીર્ય. આ તાવ રસ ધાતુમાં મળેલા દોષને લીધે ઉત્પન્ન થએલો છે. ૭, ૧૦, ૧૨ કે ૧૪ દિવસ સુધી જે તાવ નિરંતર ચાલુ રહ્યા કરે તેને સંતત જ્વર કહે છે. ઘણું કરીને સવારમાં તાવ ઓછો થઇને સાંજના વધે છે. થોડો ઘણો પરસેવો વળી તાવ ઓછો થાય છે, અગર પરસેવો બીલકુલ થતો નથી તો કેટલાકને સાત દિવસ સુધી એક સરખોજ તાવ રહે છે. આ તાવને Continuous Malarious Fever ચાલુ તાવ કહેવામાં આવે છે, તાવ સખ્ત હોય તો ભ્રમ થાય છે, હાથ પગ ધ્રુજે છે, જીભ, હોઠ ઉપર કાળી છાયા પડી જાય છે, ખોરાક લેવાતો નથી. કેટલાકને ઝાડા અગર પેશાબ વાટે લોહી પડે છે, શરીર ઠંડુ પડી આવી તંદ્રા આવે છે.

આ તાવનાં મુખ્ય લક્ષણોમાં પેસાબ થોડો થવો, પસીનો કમી, શરીરે દાહ, ચહેરો તથા આંખો રતાશ પડતાં, ઉલટી વધુ અને કલેજામાં દુખાવો થાય છે. નિંદ્રા આવતી નથી આ તાવ ઉપર જણાવેલા દિવસોએ ઉતરી જાય છે. અગર માણસનું મરણ નીપજાવે છે.

સતત જ્વરનાં લક્ષણો—

વિષમ જ્વર (મેલેરીઆ તાવનો) નો આ બીજો પ્રકાર છે. આ તાવ શરીરમાં રહેલા રક્તમાં દોષ રહેલો છે. આ તાવ એક

વખત દિવસે, અને એક વખત રાત્રે આવે છે. આ તાવમાં કેટલાકને પ્રથમ ટાઢ વાય, તો કેટલાને પ્રથમ દાહ થાય છે. આ તાવમાં બળત્રા થાય છે, બેભાન થવાય છે, ઉલટી, ફેર અને દરદી લવારો કરે છે. તરસ લાગે છે, અને વખતે લોહી વાળી ઉલટી પણ થાય છે. અને શરીર પર ફોલ્લીઓ થઇ આવે છે. આ ઉપરાંત મેલેરીઆ તાવનાં સામાન્ય લક્ષણો પણ આ તાવમાં હોય છે.

અન્યેદ્યુક જ્વરનાં લક્ષણો—

જ્યારે શરીરમાં રહેલો દોષ માંસ ધાતુમાં પ્રવેશે છે ત્યારે તે અન્યેદ્યુક જ્વરને ઉત્પન્ન કરે છે. આ તાવ હંમેશાં એક વખત આવે છે, ઘુંટણની નીચે પીંડીમાંના માંસના લોચામાં ગોટલા ચઢે છે, તરસ લાગે છે, ઝાડો પેસાબ છૂટી જાય છે, છાતીમાં બળત્રા થાય છે, હાથપગ હલાવ્યા કરે છે, અને સુસ્તી લાગે છે.

તૃતીયક જ્વરનાં લક્ષણો—

જ્યારે શરીરમાં રહેલો દોષ મેદ ધાતુમાં પ્રવેશે છે ત્યારે ત્રીજે દીવસે આવનાર એકાંતરીઓ તાવ ઉત્પન્ન કરે છે. આ તાવમાં વાયુનો પ્રકોપ થયો હોય તો બરડાની કરોડનું હાડકું ત્રિકમાં, ઉરૂમાં અને કેડમાં પીડા થાય છે. કફ દુષિત થયો હોય તો પીઠમાં અને શરીરમાં પીડા થાય છે. કફ અને પિત્ત બન્ને કોપેલા હોય તો માથામાં પીડા થાય છે. આ રીતે તૃતીયક જ્વર ત્રણ પ્રકારનો છે. આ તાવમાં રોગીને પરસેવો ઘણો છૂટે છે, તેને તરસ લાગે છે, તે બેભાન થાય છે, લવરી કરે છે, ઉલટી

કરે છે, શરીરમાંથી દુર્ગંધી ફેલાય છે, અન્નપર અરૂચી થાય છે, ગ્લાની થાય છે, અને વેદનાની સહન શક્તિ રહેતી નથી.

ચતુર્થક જ્વરનાં લક્ષણો—

જ્યારે શરીરમાં રહેલો દોષ હાડકાં અને મજ્જા ધાતુમાં દાખલ થાય છે ત્યારે મહા ભયંકર ચાતુર્થક જ્વર ઉત્પન્ન કરે છે.

આ તાવના બે પ્રકાર છે. જે તાવ બન્ને જંઘાઓને પકડે તે કફથી ઉપજેલો જાણવો. અને જે ચોથીઓ તાવ માથાને પકડે છે તે વાયુથી ઉપજેલો જાણવો. આ તાવમાં હાડકાં ભાંગી જતાં હોય તેમ લાગે છે, તથા તેમ અવાજ થાય છે, શ્વાસ ચઢે છે, ઝાડો થાય છે, ઉલટી થાય છે, અને દરદી હાથપગ હલાવ્યા કરે છે, મજ્જામાં આવેલા તાવમાં અંગારા પડ્યા હોય તેવું લાગે છે. હેડકીઓ આવે છે, ઉધરસ, ઉલટી તેમજ ટાઢ ચઢે છે, છાતીમાં દાહ થાય છે. મહાશ્વાસ અને મર્મ હૃદય ભેદાય છે. મજ્જાનો તાવ અસાધ્ય છે. આ રીતે વિષય જ્વરના પાંચ પ્રકાર છે.

જીર્ણજ્વરના લક્ષણો—

જ્યારે તાવ ૨૧ દિવસ પછી પણ ચાલુ રહે તો તે તાવ જીર્ણજ્વર કહેવાય છે. જે તાવ સખ્ત ધાતુઓમાં ફેલાએલો છે તેને જીર્ણજ્વર કહે છે. આ તાવ ધાતુનો ક્ષય કરનાર છે. આ તાવમાં જઠરાગ્નિ મંદ પડી જાય છે. બરોળ વધે છે. વિષમ જ્વરમાંથીજ જીર્ણજ્વર થાય છે. જીર્ણજ્વરના દરદીને દૂધ અમૃત સમાન છે.

તાવમાં બેદરકારીથી શું પરીણામ આવે ?

તાવમાંથી મંદજ્વર થાય છે, મંદજ્વરમાંથી હાડજ્વર થાય છે, અને હાડકચરીઆ તાવમાં અતિશય ખાટા પદાર્થ ખાવામાં આવે તો તેથી કમળો થાય છે. અને કમળો વધીને હલીમક અને તેમાંથી પાંડુરોગ થાય છે. પાંડુરોગમાંથી ક્ષય અને ક્ષયમાંથી સોજા થાય છે. સોજાથી ઉદરવ્યાધિ, ગુલ્મ, શૂળ, શ્વાસ રોગો થાય છે. અને અગ્નિમાંદ્યમાંથી સ્વરભેદ અને કંઠ રોધન થાય છે. આ પ્રમાણે તાવમાંથી અનેક રોગો ઉત્પન્ન થતા હોવાથી દરેક માણસે તાવને શરીરમાં રહેવા ન દેતાં રોગને દૂર કરવાની જરૂર છે. જેમ જંગલનો અગ્નિ પવન મળતાં આખા જંગલનો નાશ કરે છે. તેમ તાવને પણ અચકાવવામાં ન આવે તો શરીર રૂપી દેહનો નાશ કરે છે.

આયુર્વેદના નિયમ મુજબ શરીરમાં રહેલા દોષો એ રોગના હેતુ છે. શરીરમાં રહેલો મળ એ કે, જે તાવની ઉત્પત્તિનું કારણ છે. આ દોષોને તાવની ગરમી પકવે છે. આથી વિદ્વાન વૈદ્ય, ડોકટર, અગર ચિકિત્સકોએ નવા તાવની શરૂઆતમાં તાવને એકદમ ન અચકાવતાં, શરીરમાં રહેલા દોષોને પકવીને દૂર અધોમાર્ગથી કાઢવા પ્રયત્ન કરવો જોઇએ. આથી તાવ વારંવાર ઉથલા મારતો નથી. તાવને જો ગરમ અને ઝેરી દવાઓથી તાત્કાલિક દેખાવ પુરતો વખતે અચકાવવામાં આવે, પરંતુ એક અગર બીજી રીતે શરીરમાં રહેલા દોષોમાંથી બીજા રોગો ઉત્પન્ન થયા વગર રહેશે નહિં. આથી ચિકિત્સકે નવજ્વરમાં દોષોને પકવવા એક, બે કે ત્રણ દિવસ શક્તિ મુજબ લંઘન કરવું જોઇએ. બાળક અગર

વૃદ્ધ કે ગર્ભવંતીસ્ત્રી, કે જેઓ ઉપવાસ કરવાની શક્તિ ન ધરાવતાં હોય તેઓને હલકો ખોરાક મગનો યુષ, કે સાબુચોખાની કાંજી, યવાગુ આપવી. જે લંઘનની ગરજ સારશે.

જ્યારે ધાતુમાં રહેલા દોષો પાકે ત્યારે તેને પાચન ઔષધ આપી શોધન ઔષધ આપવું, અને શરીરમાં રહેલા દોષને દૂર કરવો. જ્યાં સુધી શરીરમાં રહેલા દોષો પકવ થઇ શરીરમાંથી બહાર ન કાઢવામાં આવે ત્યાં સુધી તાવના વારંવાર ઉથલા આવ્યાજ કરશે. માટે દરેક સમજુ માણસે આવતા તાવને એકદમ ન રોકતાં દોષોને પદ્ધતિસર બહાર કાઢી નાખવા પ્રયત્ન કરવો જોઇએ, કે જેથી શરીરમાં એક રોગમાંથી બીજા ભયંકર રોગો ઉત્પન્ન ન થાય.

મેલેરીઆ તાવની સારવાર—

મેલેરીઆ (વિષમજ્વર) તાવની શરૂઆતમાં દરદીને પ્રથમ ટાઢ વાય છે. માટે દરદીની ટાઢને શમાવવા માટે કામળા, ગોદડાં, શાલ, ઇત્યાદિ ગરમ કે સુતરાઉ કપડાં ઓઢાડીને મટાડવી. સુંઠ, મરી, પીપર, ઇલાયચી કે તુલસીનાં પાન વગેરે નાખી ગરમ ચાહ અગર ઉકાળો દરદીને આપવો. શરીરમાં ટાઢ ભરાઇ આવ્યા પછી વધારે પડતાં ગરમ કપડાં હોય તે ઓછાં કરવાં. પરસેવો વળ્યા પછી ઠંડો પવન લાગવા ન દેવો. તાવની શરૂઆતમાં ઉલટી થાય તો તે ઉલટીને રોકવી નહિં. પીવામાં ઉષ્ણોદક આપવું. પરંતુ કેટલીક વખત ઉલટી સોસ હોય છે. ત્યારે (૧) કાળીદ્રાક્ષ, ધાણા અને ખડસલીઓ ત્રણે વાટીને તે પાણી સાકર સાથે થોડું થોડું

આપવું. (૨) બરફ મોંમાં રાખવા આપવો. (૩) મધ સાથે પ્રવાલ ભસ્મ આપવી. (૪) સખ્ત ઉલટીમાં રાઇનું પ્લાસ્ટર હોજરીના ભાગ ઉપર લગાવવું. (૫) પિત્ત પાપડાના ક્વાથમાં ગોળ નાંખી ઠંડો પાડી તે પાવાથી ભ્રમ તેમજ સખ્ત ઉલટી બંધ થાય છે. (૬) બીજોરાના રસમાં હરડેનું ચૂર્ણ સાકર સાથે લેવાથી ઉધરસ તેમજ ઉલટી બન્ને મટે છે. (૭) લીંબુનું શરબત આપવું. તાવ જ્યારે સખ્ત ચડયો હોય ત્યારે માથા ઉપર બરફનાં પોતાં મુકવાં અગર નવસાર, સુરોખાર કે મીઠું પાણીમાં નાખી તેનાં પોતાં માથા ઉપર મુકવાં. નવા તાવની શરૂઆતમાં એક, બે કે ત્રણ દિવસ શક્તિ મુજબ દોષો પાકે એ માટે ઉપવાસ કરવો. આ સાથે દરદીએ પાછળ જણાવેલ મુજબ ઉષ્ણોદક પાણીનોજ ઉપયોગ કરવો કે જેથી શરીરમાં ચોંટી રહેલા દોષો ઉષ્ણોદક ઉખેડે છે. જેઓ ઉપવાસ કરી શકતા ન હોય (બાલક, વૃધ્ધ ઇત્યાદિ) તેઓએ ખોરાકમાં મગનો યુષ, સાબુ ચોખાની કાંજી, કે યવાગુ લેવી. ગરમ મસાલાનો સુંઠ, મરી ઇત્યાદિ નાખેલો ઉકાળો દિવસમાં બેથી ત્રણ વખત આપવો. દોષો પાકયા પછી જુલાબ આપવો કે જેથી દોષો અધોમાર્ગથી બહાર નીકળી જાય. તાવની શરૂઆતમાં દરદીએ જુલાબ લેવો નહિ. તાવ આવતાની સાથેજ ઇન્જકશનો કે બીજી સખ્ત દવાઓ લઇ તાવને તાત્કાલિક રોકવા પ્રયત્ન કરવો નહિ, જ્યાં સુધી શરીરમાં રહેલા દોષોને નિયમ મુજબ પકવીને બહાર કાઢી નાખવામાં ન આવે ત્યાં સુધી તાવના વારંવાર ઉથલાઓ આવ્યાજ કરે છે, અને મળ સખ્ત થઇ રહેવાથી એપેન્ડીસાઇટીસ જેવા રોગો પણ

થવાનો સંભવ ઉભો રહે છે. ક્વીનાઇન એ મેલેરીઆના જંતુ મારવાના ગુણમાં ઉત્તમ ગણાએલી છે. પરંતુ સમજ્યા વગર દરરોજ તાવમાં ક્વીનાઇન લીધા કરવાથી મગજમાં ભ્રમ થાય છે, ઝાડાની કબજીઆત રહે છે, અને લેતાં શરીરમાં દોષ પાકીને બહાર નીકળેલ ન હોવાથી તાવના વારંવાર ઉથલા મારે છે. આથી દરેક માણસે નવ જ્વરમાં પ્રથમ લંઘન, ઉષ્ણોદક અને મગ કે દાળનું ઓસામણ હલકો ખોરાક લેવો. દોષ પાકયા પછી દવા આપવાથી તાવને હઠાવી શકાય છે. આથી દરદીને જરૂર લાગે તો યોગ્ય માત્રામાં ચોથા દિવસે જુલાબ આપવો. તાવ આવી જવાથી જઠરાગ્નિ મંદ પડી જાય છે આથી તાવ મટ્યા પછી ખોરાકની શરૂઆત હલકા ખોરાકથી કરવી.

સઘળા વિષમ જ્વરોમાં દોષ પાકયા પછી નીચેના કોઇપણ ક્વાથ, મધ સાથે આપવાથી વિષમ જ્વરોનો નાશ થાય છે.

(૧) ઇંદ્રજવ, કડવી ઘીસોડીનાં પાંદડાં, કડુ, પિત્તપાપડો.

(૨) કડવી ઘીસોડી, ત્રિફળા, મોથ, કાળીપાડ, કડુ, પિત્તપાપડો.

(૩) લીંમડો, કડવી ઘીસોડી. ત્રિફળા, દ્રાક્ષ, મોથ, ઇંદ્રજવ, પિત્તપાપડો.

(૪) કરીઆતુ, ગળો, રતાંજલી, કડુ, સુંઠ, પિત્તપાપડો.

(૫) ગળો આંમળાં અને મોથ.

આ પાંચે પ્રકારના ક્વાથ વિષમ જ્વરને મટાડે છે. આ ઉપરાંત પણ વિષમ જ્વરના નાશના ઘણા ઉપાયો છે.

તાવમાં જરૂરી સૂચનાઓ—

(૧) તાવના દરદીને જ્યાં બહુ પવન ન આવતો હોય ત્યાં સુવાડવો. (૨)ગરમ કપડાં પહેરી રાખવાં. (૩) સ્નાન ન કરવું. (૪) સ્ત્રીસંગનો ત્યાગ કરવો. (બ્રહ્મચર્ય પાળવું.) (૫) ક્રોધ કરવો નહિં. (૬) પવનમાં ફરવું નહિં. (૭) કસરત કરવી નહિં. (૮) ઠંડુપાણીકે ભારે અન્ન લેવું નહિં. (૯) શરૂઆતના નવજ્વરમાં દરદીએ શક્તિ મુજબ એક, બે કે ત્રણ દિવસ લંઘન કરવું. (૧૦) ગર્ભવતી સ્ત્રી, બાળક કે વૃદ્ધ જેઓ લંઘન કરી ન શકે તેમ હોય તેઓએ મગનો યુષ કે સાબુચોખાની કાંજી ઇત્યાદિ હલકો ખોરાક લેવો આ પણ લંઘનના પ્રકારમાંજ ગણી શકાશે. (૧૧) ઉષ્ણોદક પાણી પીવું. સારા ચોકખા વાસણમાં કુવા કે નદીનું પીવાનું પાણી લઇ તે પાણીને ઉકાળવું. જ્યારે તે પાણી ફીણવગરનું વેગવગરનું, નિર્મળ થાય તથા અડધું બળી રહે ત્યારે તે પાણીને ઉતારી તે પાણી થોડું થોડું દરદીને પીવા આપ્યા કરવું. એક વખત ઉકાળેલા પાણીને ફરી ઉકાળવું નહિં. દિવસનું ઉષ્ણાદક રાત્રે, અને રાતનું ઉષ્ણાદક દિવસે લેવું નહિં. ઉષ્ણાદક અગ્નિ પ્રદિપ્ત કરનાર, મૂત્રાશયને સાફ કરે છે તેમજ ઉધરસ, શ્વાસ, મેદ, કફ, વાયુ તથા જ્વરને મટાડનાર છે. (૧૨) ખોરાકમાં તાવવાળાએ સાઠી ચોખા, શાલી ડાંગરનો ભાત, મગનો યુષ કે તુવેરની દાળનું પાણી આપવું. શાકમાં ગલકાં, પરવળ, કે ગીસોડાં, કારેલાં, કંટોલાંનું આપવું. કઠોળ કે વિદાહી ભારે અન્ન લેવું નહિં. (૧૩) દારૂ પીવો નહિં. (૧૪) દિવસે ઉંઘવું નહિં. (૧૫) દહીંકેશાખંડ ખાવો નહિં. (૧૬) ક્રોધ અને શોક

કરવો નહિં. (૧૭) રાત્રે ઉંજાગરો કરવો નહિં. (૧૮) પગે ચાલીને મુસાફરી કરવી નહિં. (૧૯) ઘોડા ઉપર કે રથમાં બેસી મુસાફરી કરવી નહિં. (૨૦) ખાટી આમલી, મરચાં, ઘી ખાવુ નહિં. (૨૧) બહુ પાણી પીવું નહિં. (૨૨) ખટાઇ ખાવાની ઇચ્છા થાય તો લીંબુ, દાડમ, આંમળાં લેવાં. (૨૩) જીર્ણ જ્વરના રોગીએ અપવાસ કરવો નહિં. (૨૪) જીર્ણ જ્વર વાળાને દૂધ અમૃત સમાન છે. માટે જીર્ણ જ્વરના દરદીએ દૂધનો વધુ ઉંપયોગ કરવો.

મેલેરીઆ તાવમાં શું કરશો ?

છેલ્લા અનેક વર્ષોના અખતરાઓ પછી અમોએ **"મેલેરીઆ જ્વરહર ટેબલેટસ"** બનાવેલી છે કે જેનો હંમેશ ઉપયોગ કરો.

(૧) મેલેરીઆ જ્વરહર ટેબલેટસ મેલેરીઆ (વિષમજ્વરો) તાવોનો નાશ કરવા માટે ઉત્તમ ઔષધ છે.

(૨) મેલેરીઆ જ્વહર ટેબલેટસ મેલેરીઆના જંતુઓનો નાશ કરનાર છે.

(૩) મેલેરીઆ જ્વરહર ટેબલેટસ શરીરમાં રહેલા દોષોને દૂર કરે છે.

(૪) મેલેરીઆ જ્વરહર ટેબલેટસ તાવના સખ્ત જોરને અટકાવે છે.

(૫) મેલેરીઆ જ્વહર ટેબલેટસ શરીરમાં રહેલા દોષોનું પાચન અને શોધન કરે છે.

(૬) મેલેરીઆ જ્વરહર ટેબલેટસ આયુર્વેદિક દવાઓમાં સારામાં

સારૂં પહેલા નંબરનું મેલેરીઆ તાવનું ઔષધ છે.

(૭) મેલેરીઆ જ્વરહર ટેબ્લેટસ સાદા તાવમાં પણ આપી શકાય છે. તાવ આવે કે તરતજ દરદીએ તાવમાં પાળવાનાં નિયમ મુજબ લંઘન, ઉષ્ણોદક જળ, ચનાગુ કે મગનો સુપ આ સાથે દિવસના ત્રણ વખત જ્વરહર ટેબ્લેટસ દિવસમાં ૯ થી ૧૨ ઉંમરના પ્રમાણમાં લેવી. અને ચોથા દિવસે જરૂર લાગતાં જુલાબ આપવો.

મેલેરીઆ તાવ માટે અમોએ તૈયાર કરેલી અનુભવસિદ્ધ દવા 'મેલેરીઆ જ્વરહર ટેબ્લેટસ' વાપરો. કે જે મેલેરીઆ તાવોમાં સફળ નીવડેલી દવા છે.

હિંદ આયુર્વેદ ફાર્મસી ભદ્ર-અમદાવાદ.

જ્વરહર ટેબ્લેટસ અનેક ડોકટર તેમજ વૈદ્ય બંધુઓના ટેસ્ટ પછી અમદાવાદમાં તેમજ ગુજરાતમાં અનેક શહેરોમાં—ક્વીનાઇનને બદલે વપરાતી થઇ છે.

જ્વરહર ટેબ્લેટસ નીચેની મીલોના દવાખાનાઓમાં વપરાય છેઃ–

મીલોનું લીસ્ટ.

અંબીકા મીલ્સ કંપની નં. ૧ દવાખાનું.		અમદાવાદ.
અંબીકા મીલ્સ કંપની નં. ૨ દવાખાનું.		અમદાવાદ.
જયભારત મીલ્સ કંપની	,,	,,
સીલ્વર કોટન મીલ્સ કંપની	,,	,,
નગરી મીલ્સ કંપની લીમીટેડ	,,	,,

સારંગપુર કોટન નં. ૧	દાખાનું.	અમદાવાદ.
સારંગપુર કોટન નં. ૨	,,	,,
રોહીત મીલ્સ કંપની	,,	,,
જહાંગીર વકીલ મીલ્સ કંપની	,,	,,
રાજનગર નં. ૧	,,	,,
અશોક મીલ્સ કંપની	,,	,,
બગીચા મીલ્સ કંપની	,,	,,
અરૂણ મીલ્સ કંપની	,,	,,
ભરતખંડ ટેક્ષટાઇલ મીલ્સ	,,	,,
ન્યુ કમરશીઅલ મીલ્સ કંપની	,,	,,
હરિવલ્લભ મીલ્સ કંપની	,,	,,
સારંગપુર કોટન કંપની	,,	,,
ગુજરાત કોટન મીલ્સ કંપની	,,	,,
ન્યુ રાજપુર મીલ્સ કંપની	,,	,,
ન્યુ માણેકચોક લીમીટેડ	,,	,,
બારેજડી મીલ્સ કંપની	,,	,,
રાજનગર નં. ૨	,,	,,
કૃષ્ણ રોલર ફ્લોર કંપની	,,	,,
બંસી રોલર ફ્લોર કંપની	,,	,,

ન્યુ ઇન્ડીઅન ઇન્ડસ્ટ્રીઅલ કંપની	,,	વડોદરા
ઓમ્બે મેચ એન્ડ જનરલ મેન્યુ.	,,	ખંભાત.

આ ઉપરાંત બીજા ઘણા દવાખાનાંઓમાં વપરાય છે. દરે મીલોમાં ડોકટરોના અભિપ્રાય પછીજ વાપરવામાં આવે છે આથી ડોકટરો તેમજ વૈદ્ય બંધુઓને જ્યાં ન વપરાતી હોય ત્ય ક્વીનાઇનને બદલે **જ્વહર ટેબ્લેટસ** વાપરવા ભલામણ છે મીલો તેમજ દવાખાનાઓ માટે ફ્રી સેમ્પલ આપવામાં આવે છે

વૈદ્ય હિરાલાલ મગનલાલ જોષી.
Prop. **હિંદ આયુર્વેદ ફાર્મસી.**

તા. ક:—દરેક જાતના ન મટતા તાવ માટે અમારા તરફથી મફત સલાહ મળશે.

હિન્દ આયુર્વેદ ફાર્મસી.
ભદ્ર—દીવાનજીના વાડા પાસે,
અ મ દા વા દ.

ઉમરેઠ વિઠ્ઠલભટની પોળ સામે આવેલા સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસમાં રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદીએ છાપ્યું, અને હીરાલાલ મગનલાલ જોશીએ હિન્દ આયુર્વેદ ફાર્મસી, ભદ્ર, દીવાનજીના વાડાપાસે, અમદાવાદમાંથી પ્રસિદ્ધ કર્યું.